# સે-૭નાં નવા સરકારી આવાસોનું ટૂંકમાં લોકાર્પણ

## માર્ગ મકાનમંત્રી નીતિન પટેલ સાઈટ નિરિક્ષણ કર્યુ : લીફ્ટ અને ઈલેક્ટ્રીફિકેશનનુ કામ બાકી : સી કક્ષાના ૨૮૦ મકાનો તૈયાર

ગાંધીનગર તા ૩

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ તંત્ર દ્વારા નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી સે -૭ માં નવા આવાસોનુ ટુંકમાં જ લોકાર્પણ કરી દેવાશે. કોર્પોરેટ લુક ધરાવતા આવાસોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જના અંતે સી કક્ષાના ૨૪૮ મકાનો કર્મચારીઓના રહેણાંક માટે ઉપયોગી બનશે. નવા આવાસોને અનુલક્ષી તાજેતરમાં જ માર્ગ મકાન મંત્રીએ સાઈટનુ નિરિક્ષણ પણ કર્યુ હતુ.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. સે-૭ ,સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. નવા આવાસોમાં કર્મચારીઓને તમામ સુવિધા મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આવાસ નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે આવાસોને કોર્પોરેટ લુક આપવાની સાથે રહીશો માટે બગીચા અને પાર્કીંગ પ્લેસ સહીતની સુવિધાઓનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. સે-૭ માં સી કક્ષાના નવા બ્લોક બાંધવાનુ કામ ૮૦ ટકા પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગામી જુલાઈ મહીના સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે. તાજેતરમાં જ માર્ગ મકાન મંત્રી નીતિન પટેલે સ્થળ મુલાકાત લીધી હતી. આવાસોની સાઈટનુ નિરિક્ષણ કર્યુ હતુ. સે-૭ ની આવાસ યોજના અન્વયે ૫ બ્લોક બાંધવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ ટેન્ડર ૨૩ ટકા નીચુ જતા વધારાનો એક બ્લોક બનાવી દેવાયો છે. બે રૂમ ધરાવતા મકાનોનુ કામ હવે પુર્ણતાના આરે છે. ત્યારે ઈલેક્ટ્રીફિકેશનનુ કામ આગળ હાથ ધરવામાં આવશે. તેમજ ૭ મજલાના આ સરકારી બ્લાકેમાં લીફટ મુકવા માટે પણ ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. આગામી મહીનાના અંતમાં કામ પુર્ણ કરી દેવામાં આવશે. જયારે ટુક સમયમાં જ નવા આવાસોનુ લોકાર્પણ કરી દેવાશે. શહેરમાં જુના આવાસો દિનપ્રતિદિન ખંડેર બનતા જાય છે. જયારે વિવિધ કેટેગરીના મકાનો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. ત્યારે નવા આવાસો સરકારી કર્મચારીઓ માટે નવુ સરનામુ બનશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારે ધ્યાન દઈને ભણવું પડશે... મમ્મી કહેતી હતી કે તેણે રોજ ચાર પાંચ કલાક ઓફલાઈન રહીને મને મોટી કરી છે...!!

# ગૌવંશ હત્યાને રોકવા માટે રાજ્ય સરકારનો દૃઢ નિર્ધાર

## રાજયમાં ગૌવંશ હત્યા કરનારને હવે ૧૦ વર્ષથી ઓછી નહી તેવી આજીવન કેદ તેમજ ૫ લાખ સુધીનો દંડ

ગાંધીનગર, તા.૩

ગૌવંશના પશુઓની હત્યા અટકાવવા – પશુઓની ગેરકાયદે કતલ કરવાના દૂષણ પર અંકુશ મેળવવા ગુજરાત સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમવાર સૌથી કઠોરમાં કઠોર કાયદો બનાવ્યો છે. જેનો ચુસ્તપણે અમલ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ત્યારે આ અંગેના નિયમોની જાહેરાત કરતા ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે પ્રતિબધ્ધ જીવદયાપ્રેમી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિમાં માનતી ગુજરાતની સરકાર ગૌવંશની સુરક્ષા માટે કટિબધ્ધ છે. ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યું હતું કે, ગૌવંશના દોષિતોને આજીવન કેદની સજા કરાશે. ગૌવંશની હત્યા કે ગેરકાયદે હેરફેરમાં વપરાતા વાહનો રાજયસાત કરાશે. ગૌવંશના પશુઓની હત્યા કરવા કે કરાવવા માટે જે કોઈ વ્યક્તિ દોષિત ઠરશે તો તેને આજીવન કેદની મુદત સુધીની, પણ ૧૦ વર્ષથી ઓછી નહીં તેટલી મુદતની કેદની સજા થશે, અને રૂા. ૫ લાખ સુધીના દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. અગાઉ આ ગુનામાં ૩ થી ૭ વર્ષની કેદ અને રૂા. ૫૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ હતી.

મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગૌવંશની ગેરકાયદેસર હેરફેર અથવા ગૌમાંસ કે ગૌમાંસની બનાવટો વેચવા, રાખવા, સંગ્રહ કરવા, હેરફેર કરવા કે પ્રદર્શિત કરવા સામે પણ સજાની જોગવાઈઓ કરવામાં આવી છે. આવું કરતા જે વ્યકતિ દોષિત ઠરશે તેને ૧૦ વર્ષ સુધીની, પણ સાત વર્ષથી ઓછી નહીં તેટલી મુદતની કેદની સજા ઉપરાંત રૂા. ૫ લાખ સુધીના, પણ ૧ લાખ કરતા ઓછા નહીં તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદા હેઠળના તમામ ગુનાઓ જે પહેલાં જામીનપાત્ર હતા, તે તમામ ગુનાઓ પોલીસ અધિકારના અને બિન જામીનપાત્ર ગણાશે.

ગૌવંશના પશુઓની હત્યા અને ગેરકાયદેસર હેરફેર જેવા ગુનાહિત કામો રાત્રીના સમયે થતા હોય છે, તેના તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્ય સરકારે પશુની હત્યાના હેતુસરની હેરફેર માટે ઉપયોગમાં લેવાયેલા વાહન કે સાધન રાજયસાત કરવાનો નિર્ણય પણ કર્યો છે. સાથે સાથે ગૌમાંસ કે ગૌમાંસની બનાવટની હેરફેર, વેચાણ કે ખરીદી માટે ઉપયોગમાં લેવાયેલા વાહનોને અને સાધનને પણ રાજયસાત કરવામાં આવશે. પશુઓની હેરફેર માટે પરમીટ મેળવેલી હશે તેવા કિસ્સામાં પણ સાંજના ૭:૦૦ વાગ્યાથી સવારના ૫:૦૦ વાગ્યા સુધી પશુઓની હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવાની જોગવાઈ આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ નિયમો દ્વારા કરવામાં આવી છે.

## ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા ફુટપાથ પર અભ્યાસ કરતા બાળકોને ચરણ સેવા પુરી પાડી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વંચિતોના સહારે જઈ મદદ કરવામાં આગવું સ્થાન ધરાવે છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે શ્રમિક પરિવારોના નાના બાળકો ખુલ્લા પગે ચાલતા નજરે પડે છે. જેને પગલે સેકટર-૩ ડી બગીચા સામે આવેલ ઝુંપડપટ્ટી પાસે આવેલ બાળકોને પ્રભુભાઈ ઠાકોર તેમજ સાદુરભાઈ વિકલાંગ શાળા ઉવારસદના સંયુકત ઉપક્રમે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ચરણસેવા અરુણભાઈ બુચ અને નિલેન્દુ વોરા, સાદુરભાઈ સાથે રહી સ્થળ પર અભ્યાસ કરતા બાળકોને પગરખા વિતરણ કરાયા હતા. અને અભ્યાસમાં વધુ ધ્યાન આપવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મહામંડળ દ્વારા ઉઘાડપગા લોકોની ચરણસેવાનું અભ્યાન હજુ પણ ચાલુ છે. તેમજ ૧૦૦૦૦ થી વધુ જરુરીયાતમંદ લોકોને સુધી આ સહાય પહોંચાડવાનું ભગીરથ કાર્ય છે.



વેદ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓ માટે યુ એસ એ નાસા ખાતે પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સંસ્થાના ૧૧ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સંસ્થાના ડાયરેકટર સહીત વિદ્યાર્થીઓનુ નાસાની ટીમે ભવ્ય સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન નાસાની વિવિધ કાર્યપ્રણાલી અંગે વિદ્યાર્થીઓને ઉંડાણપુર્વકની સમજ આપવામાં આવી હતી. શૈક્ષણિક પ્રવાસના અંતે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી.

## અમદાવાદના ઘીકાંટામાં વીજ પુરવઠો ખોરવાતા વકીલો અને પક્ષકારો લિફ્ટમાં ફસાયા

અમદાવાદ, તા.૩ઈ

શહેરના ઘી કાંટા વિસ્તારમાં આવેલી મેટ્રોપોલીટન કોર્ટ(ફોજદારી કોર્ટ) ખાતે આજે સાંજે અચાનક વીજપુરવઠો ખોરવાતા લીફ્ટો બંધ થઈ ગઇ હતી. જેમાં ૪થી માળે લીફ્ટમાં વકીલો-પક્ષકારો સહિત ૧૧ જણાં ફસાઇ ગયા હતા, જયારે ત્રીજા અને ૪થા માળ વચ્ચેની બીજી લીફ્ટમાં ખુદ બે લીફ્ટમેન જ ફસાઇ ગયા હતા. લીફ્ટો બંધ થઇ જતાં અને તેમાં વકીલો-પક્ષકારો ફસાઇ જતાં કોર્ટ પ્રાંગણમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને દોડધામ મચી ગઇ હતી. જો કે, લગભગ અડધા કલાકની ભારે જહેમત બાદ લીફ્ટ સુપરવાઇઝરને બોલાવી ચાવીની મદદથી લીફ્ટ ખોલી ફસાયેલા લોકોને સહીસલામત બહાર કાઢી બચાવી લેવાયા હતા. આ અંગેની વિગત એવી છે કે, ઘી કાંટા ફોજદારી કોર્ટમાં આજે સાંજે ૫-૩૦ વાગ્યાની આસપાસ અચાનક વીજપુરવઠો ખોરવાઇ ગયો હતો, જેના કારણે દસ માળના આ કોર્ટ બિલ્ડીંગમાં સતત ચાલતી રહેતી લીફ્ટ જે માળે હતી ત્યાં જ અધવચ્ચે અટકી પડી હતી. ૪થા માળે અટવાયેલી એક લીફ્ટમાં વકીલો-પક્ષકારો સહિત ૧૧ જણાં હતા, જે ફસાઇ ગયા હતા, જયારે બીજી લીફ્ટમાં ખુદ બે લીફ્ટમેનો જ ફસાઇ ગયા હતા.

# વડોદરા જઈ રહેલ શહેરની તેજસ્વી યુવતી પૂજા બક્ષીનું બસમાં જ આકસ્મિક મૃત્યુ

## સેક્ટર-૭માં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની તેજસ્વીની; ગાંધીનગરની આવતીકાલ જેના માટે ગૌરવ અનુભવવા માટે રાહ જોતુ હતુ તેવી પૂજા બક્ષીનું ગઈકાલે ગાંધીનગરથી વડોદરા જતાં બસમાં જ ગરમીના પ્રકોપ કે હૃદયરોગને કારણે આકસ્મિક અવસાન થતાં સે. ૭ માં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



દિકરી એટલે વ્હાલનો દરિયો.. દિકરીનો ઘરમાં જન્મ થાય એટલે દિકરીના પિતાના જીવનમાં વસંત ખીલતી હોય છે. આ બધા વાક્યોના ઉદ્ગારોમાં વ્યસ્ત પરિવારમાંથી દિકરીની વિદાય કેટલી વસમી હોય છે એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી.

હા; વાત છે ગાંધીનગર શહેરના સે. ૭ માં રહેતા અતુલભાઈ બક્ષીના પરિવારની. અતુલભાઈની વ્હાલસોયી લાડલી દિકરી પૂજા ભણવામાં ખુબ હોંશિયાર હતી તેણે એમ.બી.એ.નો અભ્યાસક્રમ હમણાં જ પૂર્ણ કર્યો અને મુંબઈ ફરવા જવાની ઈચ્છા વ્યક્ત પિતા અતુલભાઈ સમક્ષ કરી.

અતુલભાઈએ એમની સાળી જે વડોદરા રહે છે તેને વાત કરી કે તમે જો કોઈ જવાના હો તો દિકરી પૂજાને લેતા જજો. કાર્યક્રમ નક્કી થઈ ગયો.

પૂજા ગાંધીનગરથી પાવાગઢ જતી બસમાં બપોરે ૩ વાગે પથિકાશ્રમ ડેપોમાંથી બેસી અને વડોદરા જવા રવાના થઈ હતી જ્યાંથી તે આજે માસી સાથે નીકળી મુંબઈ જવાની હતી.

પણ કુદરતને તે મંજૂર ન હતી. પૂજા પાંચ વાગ્યા સુધી પપ્પા અને ભાઈ મીત સાથે મોબાઈલ પર સંપર્કમાં હતી. રસ્તામાં તેની તબિયત બગડી અને તેનો સંપર્ક તુટી ગયો...

ભાઈ અને પપ્પા સતત ફોન કરતા રહ્યા પણ કોઈ જવાબ ના મળ્યો. આથી ગભરાયેલા અતુલભાઈએ વડોદરામાં રહેતા તેમના સાળા નિષ્કર્ષ ધોળકિયાને ફોન કર્યો કે પૂજા આ બસમાં છે પણ છેલ્લા કેટલાક સમયથી ફોન ઉપાડતી નથી. તેની તબિયત તો નથી બગડી ને.. તમે બસ સ્ટેન્ડ જાઓ અને તપાસ કરો...

ફોન પુરો થતાં નિષ્કર્ષભાઈ વડોદરા બસ સ્ટેશન પર પહોંચ્યા; બસ આવતાં જ ચિંતાતુર મામાએ પૂજા... પૂજા નામની બુમો પાડી પણ પૂજાનો જવાબ ન આવતાં બસમાં ચડી ગયા...

મામાએ જોયુ તો પૂજા બેભાન જેવી હાલતમાં સીટ પર પડી હતી તાબડતોબ ૧૦૮ને બોલાવવામાં આવી અને પૂજાને ૧૦૮માં લઈ હોસ્પિટલ તરફ જવા એમ્બ્યુલન્સ રવાના થતાં જ તેણીનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ.

આજે સવારે વડોદરા એસએસ.જી. હોસ્પિટલમાં તેણીનીનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ અને બપોર પછી તેનો મૃતદેહ ગાંધીનગર લવાયો હતો. તેનો મૃતદેહ ગાંધીનગર સે. ૭માં આવતાં જ સમગ્ર સેક્ટરમાં ગમગીની અને શોકની લાગણી પ્રસરી ગઈ હતી. સૌ ચોધાર આંસુએ રડ્યા હતા. તેની અંતિમયાત્રામાં સચિવાલયના કર્મચારી આગેવાનો તેમજ વેપારી આગેવાનો, અગ્રણી નાગરિકો, રમતવીરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

પૂજા એટલે ખંતીલી છોકરી, પૂજા એટલે આતાકિંતતાનું અનેરૂ નજરાણુ એની શાંત, સાલસ તેમજ શરમાળ દિકરીની છાપ સે. ૭-બીના રહીશોમાં તે અંકિત કરીને ગઈ.



**મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાતે મધ્યપ્રદેશના સ્કૂલ શિક્ષામંત્રી**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આજે મધ્યપ્રદેશના સ્કૂલ શિક્ષામંત્રી કુંવર વિજય શાહે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી સાથે તેમણે ગુજરાતના શાળા પ્રવેશોત્સવ તથા શિક્ષણમાં ગુણવત્તા સુધારણાના સફળ અભિનવ અભિયાન ગુણોત્સવ અંગે પણ વિચાર-વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# કાયદાના અભ્યાસ માટે વય મર્યાદા ફરી અમલમાં

## ૨૦૦૮માં લીગલ એજ્યુકેશન રૂલ્સ અન્વયે વયમર્યાદા નક્કી થઇ હતી જે બીસીઆઇએ દ્વારા કાઢી નંખાઈ હતી

અમદાવાદ, તા.૩

દેશના કોઈપણ ભાગમાં લો(કાયદા)નો અભ્યાસ કરવા માટે ચોક્કસ વયમર્યાદા ફરી એકવાર નક્કી કરવામાં આવી છે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના લીગલ એજ્યુકેશન રૂલ્સ-૨૦૦૮ અન્વયે લો ના અભ્યાસ માટેની જે વયમર્યાદા નક્કી કરાઈ હતી, તે સુપ્રીમકોર્ટે તાજેતરમાં બહાલ રાખતાં હવે દેશની તમામ યુનિવર્સિટીઓ અને લો કોલેજોમાં કાયદાના અભ્યાસ માટે તે વયમર્યાદા મુજબ પ્રવેશ આપવાનો થશે.

સુપ્રીમકોર્ટે આ હુકમની જાણ તમામ યુનિવર્સિટીઓ અને લો કોલેજોને કરવાની તાકીદ કરી હોવાથી ગુજરાત બાર કાઉન્સીલે પણ સુપ્રીમકોર્ટના હુકમની જાણ યુનિવર્સિટીઓ અને લો કોલેજોને કરવાની કવાયત હાથ ધરી હતી. આ અંગે ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન ભરત ભગત અને શિસ્ત કમીટીના ચેરમેન અનિલ સી.કેલ્લાએ જણાવ્યું હતું કે, બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના લીગલ એજ્યુકેશન રૂલ્સ-૨૦૦૮ દ્વારા કોઈપણ વિદ્યાર્થીને ધોરણ-૧૨ના અભ્યાસ પછી પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ લોનો અભ્યાસ કરવો હોય તો તેના માટે જનરલ કેટેગરી માટે ૨૦ વર્ષની વયમર્યાદા તેમ જ શીડ્યુલ કાસ્ટ અને અન્ય વિકસતી જાતિઓ માટે ૨૨ વર્ષની વયમર્યાદા ૨૦૦૮માં નક્કી કરાઈ હતી. જયારે કોઈપણ વિદ્યાર્થીએ કોમર્સ, આર્ટસ કે સાયન્સ કે અન્ય અભ્યાસમાં ગ્રેજયુએશન કર્યા બાદ એલએલબીનો ત્રણ વર્ષનો અભ્યાસ કરવો હોય તો, તેના માટે જનરલ કેટેગરી માટે ૩૦ વર્ષની ઉમંર નક્કી કરાઈ હતી. જયારે શીડયુલ કાસ્ટ અને શીડયુલ ટ્રાઈબ કે અઅન્ય વિકસતિ જાતિ માટે ૩૫ વર્ષ સુધીની મહત્તમ છૂટ આપવામાં આવી હતી. પરંતુ સને ૨૦૧૩માં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ એક ઠરાવ મારફતે કાયદાના અભ્યાસ માટેની ઉમંરની વયમર્યાદાનો બાધ દૂર કરી દેવાયો હતો.

જો કે, બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના આ નિર્ણયને મદ્રાસ હાઈકોર્ટમાં પડકારાયો હતો. જેમાં મદ્રાસ હાઈકોર્ટે બીસીઆઈના કાયદાના અભ્યાસ માટે ઉમંરની વયમર્યાદાનો બાધ દૂર કરવાના નિર્ણયને ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો હતો. જેને પગલે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મદ્રાસ હાઈકોર્ટના આ હુકમને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો. જેમાં સુપ્રીમકોર્ટે તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટના હુકમને યથાવત્ રાખ્યો હતો અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ૨૦૦૮માં કાયદાના અભ્યાસ માટે જે વયમર્યાદા નક્કી કરી હતી, તેને જ બહાલ રાખી હતી અને તે મુજબ જ દેશની તમામ યુનિવર્સિટીઓ અને લો કોલેજોમાં કાયદાના અભ્યાસ માટે પ્રવેશ આપવા ઠરાવ્યું હતું. સુપ્રીમકોર્ટના આ હુકમને પગલે રાજયની તમામ યુનિવર્સિટીઓ અને લો કોલેજોને આ અંગેની જાણ ગુજરાત બાર કાઉન્સીલ તરફથી કરી દેવામાં આવી હોવાનું ચેરમેન ભરત ભગત અને પૂર્વ ચેરમેન અનિલ સી.કેલ્લાએ ઉમેર્યું હતું.

# સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે વરસાદ

## રાજકોટમાં વરસાદ સંબંધિત બનાવમાં એકનું કરૂણ મોત : ગુજરાતમાં જૂનના ત્રીજા સપ્તાહમાં ચોમાસુ બેસશે : સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરાઈ

ગાંધીનગર, તા.૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે સતત ત્રીજા દિવસે વરસાદ જારી રહ્યો હતો. રાજકોટ જિલ્લાના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થયો હતો. ઉપલેટા અને જેતપુરમાં ભારે વરસાદ થયો છે. જેતપુરમાં સવારથી બફારાની સ્થિતિ વચ્ચે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. બીજા દિવસે વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. ગોંડલ શહેર અને તાલુકાના મોવીઆ સહિતના ગામોમાં ધોધમાર વરસાદ થયો હતો. ધોરાજીમાં પણ ગાજવીજ સાથે વરસાદ થયો હતો. બીજી બાજુ જુનના ત્રીજા સપ્તાહમાં ચોમાસુ બેસી જાય તેવી આગાહી કરવામાં આવી છે. જે ખેડૂતો માટે ખુબ રાહતના સમાચાર છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા જારી રહેવાની વકી છે. ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રમાં આજે સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. આજે વધુ એકનું મોત થયું હોવાના અહેવાલ મળ્યા છે. ગુજરાતમાં માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા સૌરાષ્ટ્ર, ગુજરાત પ્રદેશના વિવિધ ભાગોમાં પડી શકે છે. તાજેતરમાં જ કેરળમાં મોનસૂનની એન્ટ્રી થઈ ગયા બાદ હવે લોકો દ્વારા ઉત્સુકતાપૂર્વક મોનસૂનની રાહ ગુજરાતમાં પણ જોવામાં આવી રહી છે. અમદાવાદમાં ગરમીથી લોકોને રાહત મળી રહી નથી. આજે અમદાવાદમાં પારો વધીને ૪૩ સુધી પહોંચ્યો હતો. રાજ્યમાં આજે સૌથી વધારે ગરમીનો અનુભવ ઈડરમાં થયો હતો જ્યાં પારો ૪૪ ઉપર પહોંચ્યો હતો. પાટનગર ગાંધીનગરમાં પારો ૪૩.૩ ઉપર પહોંચી ગયો હતો જ્યારે સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૨.૮ સુધી પહોંચ્યો હતો. અન્ય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે. આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે. ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. એકાએક ગરમી અને હવે આંશિક ઘટાડાના કારણે બાળકોને વધુ અસર થઈ છે.

આજે સવારે વરસાદી વાદળા નજરે પડ્યા હતા પરંતુ થોડાક સમય બાદ જ આ વાદળા દેખાયા ન હતા. લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. અમદાવાદમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે વાદળછાયું વાતાવરણ વચ્ચેના ગાળામાં હોવાના લીધે આંશિક રાહત મળી હતી. હીટવેવના કારણે હાલમાં લૂ લાગવાના બનાવો પણ વધ્યા છે. અમદાવાદ શહેરમાં આવનારા દિવસોમાં વધી રહેલા તાપમાનના અનુસંધાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને અતિશય ગરમીથી બચવા માટે કાળજી રાખવા અપીલ પણ કરવામાં આવી છે. દરમિયાન આજે રાજકોટમાં વરસાદ સંબંધિત બનાવમાં એકનું મોત થયું હતું. રાજકોટના વિવિધ ભાગોમાં મેઘમહેરના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧